# ખેડૂતોના માથે કુદરતી આફત પછી હવે તંત્રની આફતના વાદળ ઘેરાયા

## સલાલ વિસ્તારના ખેડૂતોને ખેતરમાં જવાના રસ્તાના ફાંફા, હાઈવે-રેલવે તંત્ર સામે રોષ : વહીવટી તંત્ર અને નેતાઓ માત્ર વચનો આપી દૂર રહ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

નેશનલ હાઈવે ૮ નજીક આવેલા ખેતરમાં જવાના રસ્તા મુદ્દે લાંબા સમયથી કકળાટ ચાલી રહ્યો છે. ત્યારે પ્રાંતિજના સલાલ વિસ્તારના ખેડૂતોને ખેતરમાં જવાના રસ્તામાં હાઈવે અને રેલવે તંત્ર આડખીલી બની છે. રજૂઆતો પછી ખેડૂતોના આક્રોશ જોઈ વહીવટી તંત્ર અને નેતાઓ સ્થળ ઉપર આવ્યા હતા પરંતુ હજુ પણ અર્ધઉકેલ આવ્યો હોવાથી કેટલાક ખેડૂતોમાં રોષ વ્યાપ્યો છે. રેલવે તંત્રની રસ્તા મુદ્દેની અવળચંડાઈથી રોષે ભરાયેલા ખેડૂતોએ ચક્કાજામની તૈયારી કરતાં તંત્ર દોડતું થયું હતું અને હાલ પૂરતો ઉકેલ આવ્યો છે પરંતુ ગમે તે ઘડીએ આ મુદ્દે તડાફડીની અંદેશા વ્યક્ત થઈ છે.

ચિલોડા-હિંમતનગર-શામળાજી ફોરલેન હાઈવે સીક્સલેનમાં પરીવર્તિત થયા પછી વાહન ચાલકોની મુશ્કેલીઓ આવનારા દિવસોમાં દૂર થશે પરંતુ નજીકમાં ખેતર ધરાવતા ખેડૂતો અને ધંધાર્થીઓની હાલત અત્યારથી જ કફોડી બની છે. પ્રાંતિજના સલાલ તેમજ રસુલપુર અને આસપાસના ગામોના ખેડૂતો વર્ષોથી પગપાળા તેમજ ખેતીનાં યાંત્રિક હથિયારો લઈ પસાર થતા હતા તે ગાડાવાટ તેમજ પગદંડી સહિતના રસ્તાઓ ઉપર હાઈવે અને રેલવેના કામના કારણે ઠેકઠેકાણે અવરોધ સર્જાયો છે. ક્યાંક સાંકળાં પૂલીયાં બનાવ્યાં છે જેમાંથી બળદગાડાં કાઢવાં પણ મુશ્કેલ છે.

હાઈવેના નવીનીકરણ પછી ખેડૂતોને ગાડાં તથા ટ્રેક્ટર લઈને આવન જાવન માટે થતી મુશ્કેલી અંગે હાઈવે ઓથોરીટી અને સાંસદ દિપસિંહ રાઠોડે ખેડૂત આગેવાનો સાથે સ્થળ ઉપર અગાઉ રૂબરૂ મુલાકાત લઈ હલ લાવવાની સાંત્વના પણ આપી હતી પરંતુ હવે હાઈવે ઓથોરીટી અને ખુદ રેલવે તંત્ર પણ આપેલા વચનથી મોં ફેરવી લેતું હોય તે રીતે ખેડૂતોને પોતાના ઘરથી ખેતરમાં જવાના માર્ગ ભૂલી જવા પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. કેટલાક વિસ્તારોમાં તો અંતિમ ધામમાં નનામી લઈને જવામાં પણ મુશ્કેલી ઉભી થઈ રહી છે ત્યારે બુધવારે રેલવે તંત્રની આડોળાઈથી કેટલાક ખેડૂતોએ સત્યાગ્રહનું શસ્ત્ર ઉગામ્યું પરંતુ સ્થિતિ પામી ગયેલા તંત્રએ મામલો યેનકેન પ્રકારે સુલજાવી દીધો છે.

સરકાર અને વહીવટી તંત્રએ પણ હવે સમજવું પડશે કે ખેડૂતોનો સાચો અવાજ લાંબો સમય સુધી દબાવી નહીં શકાય. આ સંજોગોમાં સલાલ, રસુલપુર વિસ્તારના ખેડૂતોની ખેતરમાં જવાની અવર જવરના રસ્તા મુદ્દે ત્વરીત ઉકેલ લાવવો જરૂરી છે.

# માલપુર વિસ્તારના ખેડૂતોને ખેતીની કીટના નામે છેતરપીંડી

માલપુર, તા.૦૩

માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના અનેક ખેડૂતોને પોસ્ટ મારફતે દવાની ૪ બોટલ સાથેના પાર્સલ મળતાં કુતુહલ સર્જાયું છે. કેટલાક કિસ્સામાં ખેડૂતોએ તાડપત્રી નોંધાયા પછી અત્યંત નિમ્ન કક્ષાની તાડપત્રી આપી ખેડૂતોને લૂંટ્યા હોય તેવા આરોપ સામે આવ્યા છે. ખેડૂતો સાથે સરેઆમ ખેતી કીટના નામે છેતરપીંડી થઈ રહી છે ત્યારે ખેડૂત સંગઠનોએ આગળ આવી જવાબદાર સામે પોલીસ ફરિયાદ કરવાની હિંમત દાખવવી જોઈએ.

જિલ્લામાં ખેડૂતો સાથે અનેક પ્રકારની છેતરપીંડી થઈ રહી છે જેમાં નકલી બિયારણ, રાસાયણિક ખાતર ધાબડવામાં આવે છે તેમ છતાં તપાસના નામે સંકેલો થઈ જાય છે. હમણાં હમણાંથી અનેક ખેતીવાડીને લગતી સામગ્રીનો વેપલો કરતી કંપની દ્વારા ખેડૂતોના મોબાઈલ નંબર મેળવી તેમના ઉપર સવાર-સાંજ ફોન કરવામાં આવે છે અને અમારા ત્યાંથી સારી ક્વોલીટીની સસ્તા ભાવની તાડપત્રી લો તેમ કહી ઓર્ડર લેવામાં આવે છે પરંતુ માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને જ્યારે ખેતીની કીટ મળી ત્યારે તેઓ ચોંકી ઉઠ્યા. વીપીપી પાર્સલ મારફતે પોસ્ટમેનને રૂા.૧૪૩૦ આપી પાર્સલ છોડાવી લેવા માટે જણાવવામાં આવે છે. વારંવાર હવામાન પલ્ટાવથી ત્રાસેલા ખેડૂતોની પ્રથમ પસંદ ખેતી પાક ભીંજાઈ ન જાય તે માટે તાડપત્રી હોય છે અને ત્યારબાદ ખેડૂત સાથે શરૂ થાય છે છેતરપીંડી. જિલ્લા ખેતી વિભાગે પણ માલપુર તાલુકા સહિત જિલ્લાના ખેડૂતો તાડપત્રીના નામે છેતરાય તે અગાઉ યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. જિલ્લામાં જુનાગઢ સ્થિત કંપની દ્વારા ખેડૂતોને વીપીપી પાર્સલ મોકલવામાં આવ્યા છે.

# અમીરગઢમાં કોરોના વેકસીન લીધા બાદ મહિલાની તબિયત લથડી હોવાની રાવ

અમીરગઢમાં આંગણવાડી વર્કર બહેનની કોરોના રસી લીધા બાદ તબિયત લથડી હતી. જેને અમીરગઢ સામુહિક આરોગ્ય કેન્દ્રમાંથી વધુ સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

હાલમાં દેશભરમાં કોરોના વેકસીનેશન અભિયાન ચાલી રહ્યું છે. ત્યારે કોરોના વેકસીનની આડઅસરોના બનાવો પણ પ્રકાશમાં આવી રહ્યા છે. દરમિયાન અમીરગઢમાં રહેતી હેતલબેન પ્રકાશ ભાઈ પરમાર નામની આંગણવાડી કાર્યકર બહેનને અમીરગઢ સામુહિક કેન્દ્રમાંથી કોરોના વેકસીન આપવામાં આવી હતી. જોકે, વેકસીનનું રિએક્શન આવતા તેની તબિયત લથડી હતી. જેને પગલે તેને સારવાર અર્થે અમીરગઢ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડાઈ હતી. જ્યાં તેની તબિયત વધુ બગડતા સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હોવાનું તેના પતિ પ્રકાશભાઈ પરમારે જણાવ્યું હતું.

# પાલનપુર હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલી રીક્ષા ઝડપાઈ

પાલનપુર હાઈવે પરથી તાલુકા પોલીસની ટીમે દારૂ ભરેલી રીક્ષા મહેસાણા પહોંચે તે પહેલાં જ ઝડપી પાડી છે. પાલનપુર તાલુકા પોલીસની ટીમ ચોક્કસ બાતમી આધારે હાઈવે વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, એક રીક્ષામાં બે ઈસમો વિદેશી દારૂ ભરીને પાલનપુરથી અમદાવાદ હાઈવે તરફ આવનાર છે. જે આધારે વોચ ગોઠવી રીક્ષામાં બેસેલા બે વ્યક્તિ સહિત વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ સાથે દારૂ ભરી આપનાર અને મંગાવનાર સહિત કુલ પાંચ લોકોના નામજોગ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરના વોર્ડ નં.૧ના મતદારોનો ભાજપના ઉમેદવાર સામે ભારે આક્રોશ

## ભાજપના શાંતિ પઢીયારને રિપીટ કરવા સામે ચૂંટણી બહિષ્કારની ચીમકી

પાલનપુર નગરપાલિકાની ચૂંટણી જાહેર થતા જ ચૂંટણી લડવા ઈચ્છુક મુરતિયા ઓ ટીકીટ મેળવવા થનગની રહ્યા છે. ત્યારે પાલનપુરના વોર્ડ નં.૧ માં ભાજપના ઉમેદવારને રિપીટ કરવા સામે લોકોમાં ભારે આક્રોશ છે. લોકોએ ભાજપના ઉમેદવાર શાંતિ પઢીયારને રિપીટ કરવા સામે વિરોધ વ્યક્ત કરતા તેઓને રિપીટ કરાશે તો ચૂંટણી બહિષ્કારની ચીમકી આપતા પોસ્ટર લગાવતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુર નગરપાલિકાની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા ઉમેદવાર પસંદગી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં વોર્ડ નં.૧ થી ૧૧માં ૨૩૮ મૂરતીયાઓએ ટિકીટ માંગી છે. ત્યારે વોર્ડ નં.૧ માં ભાજપના ઉમેદવાર શાંતિ પઢીયારે ટીકીટ માંગતા તેમના મતવિસ્તારના રહીશોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. છેલ્લી ચાર ચાર ટર્મથી નગરસેવક રહેલા ભાજપના શાંતિ પઢીયારના રાજમાં વિકાસના કોઈ કામો થયા ન હોવાની રાવ ઉઠી છે. અરે હજીસુધી પ્રાથમિક સુવિધાઓ પણ મળી ન હોઈ રોષે ભરાયેલા લોકોએ શાંતિ પઢીયારને રિપીટ કરવા સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. તેઓએ પોસ્ટર લગાવી તેમની લાગણી વ્યકત કરતા ભાજપ તેઓને રિપીટ ન કરે તેવી માંગ કરી છે.

ગત ટર્મમાં ભાજપની પેનલમાં જીતેલા ખુદ ભાજપના જ પૂર્વ નગર સેવિકા સંતોકબેન રાજપુતે પણ શાંતિ પઢીયાર નો વિરોધ વ્યક્ત કર્યો હતો. તેઓએ શાંતિ પઢીયારે કોઈ કામ કર્યા ન હોવાનું જણાવી વિસ્તારમાં ફરકયા પણ ન હોઈ તેઓને રિપીટ કરવા સામે વિરોધ વ્યક્ત કરતા ભાજપ તેઓને ઉમેદવાર બનાવશે તો ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી હતી.

જ્યારે વોર્ડ નં.૧ ના પૂર્વ નગરસેવક ગજરાજ ગોસાઈએ પણ શાંતિ પઢીયાર પર ભ્રષ્ટાચારના સંગીન આક્ષેપો કરતા તેઓ પર નૈતિક અધઃપતનના પણ આક્ષેપો કર્યા હતા. તેઓએ શાંતિ પઢીયારની ઉમેદવારી સામે ભારે રોષ ઠાલવતા તેઓને રિપીટ કરાશે તો વોટિંગ નહિ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

આમ, વિકાસની ગુલાબાંગો વચ્ચે સૌનો સાથ સૌનો વિકાસનો છેદ ઉડાડી સ્વ વિકાસ સાધનાર શાંતિ પઢીયાર લોકોને પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં પણ ઉણા ઉતર્યા હોઈ વોર્ડ નં.૧ ના રહીશો એ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપતા ભાજપ માટે વોર્ડ નં.૧ માં અત્યારથી જ કપરા ચઢાણ જોવા મળી રહ્યા છે. જે જોતા હવે શાંતિ પઢીયારને રિપીટ કરવા સામે ભાજપ માટે ખતરો તોળાઈ રહ્યો છે.

# પાલનપુરના ચંડીસર સી.એચ.સી.ના અધિક્ષકે કોરોના વેકસીન લીધી



કોરોનાની વૈશ્વિક મહામારીને નાથવા માટે ભારતે વિશ્વનું સૌથી મોટું કોરોના વેકસીનેસન અભિયાન હાથ ધર્યું છે. સૌપ્રથમ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને કોરોના રસી અપાઈ રહી છે. ત્યારે પાલનપુર તાલુકાના ચંડીસર સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક સહિતના સ્ટાફે કોરોના વેકસીન મુકાવી હતી.

ચંડીસર સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક ડો.એલ.કે.મિત્તલ કોરોના કાળમાં ખડેપગે ફરજ બજાવી કોરોના વોરિયર્સ પુરવાર થયા હતા. જેઓએ હવે કોરોના વેકસીનેસન અભિયાનનો પણ પોતાનાથી જ કરાવ્યો હતો.

સી.એચ.સી. ચંડીસરના અધિક્ષક ડો. એલ.કે.મિત્તલે પોતે જ કોરોના રસી મુકાવી સ્ટાફનો ઉત્સાહ વધાર્યો હતો. કોરોના રસીકરણ બાદ ડો.મિત્તલે રસીની કોઈ આડ અસર થતી ન હોઈ ખોટી અફવાઓમાં દોરવાયા વિના કોરોના રસી મુકાવી કોરોનાને દેશવટો આપવામાં લોકોને સહભાગી બનવાનો અનુરોધ કર્યો હતો.

# પાલનપુરમાં કુમકુમ તિલકથી સ્વાગત થતાં રામદૂતો ભાવવિભોર

અયોધ્યામાં ભવ્ય મંદિર નિર્માણ હેતુ શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નિધિ સમર્પણ અભિયાન અંતગર્ત રામદૂતો ની ટોળી પાલનપુર ના માનસરોવર રોડ નજીક શકિતનગર ભાગ ૨ મા ગયા ત્યારે એક મધ્યમવર્ગીય પરિવાર મા તેમનું ભાવપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

શક્તિનગર-૨ના રહેતા ઉપેન્દ્રભાઈ રાવલના ઘેર નિધિ માટે ગયા ત્યારે તેમના માતા સુમનબેન અને પિતા તુળજાશંકર રાવલ એ બધાને ઘરમાં બોલાવી કહયું આપ બેસો આપનું સ્વાગત કરવું છે. અને ત્યારબાદ કુમકુમ થી તમામ કાર્યેકર્તાઓ ને તિલક કર્યુ અને ગોળ ખવડાવી મો મીઠું કરાવી કહયું કે આપ સૌ ભગવાન રામ ની પ્રેરણાથી આવ્યા છો.

આપ તો રામદૂત છો. આપ રામકાર્ય માટે આપનો સમય આપી રહયા છો. માટે આપનું સ્વાગત કર્યુ છે.

## હિંસાની સંભાવના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સોમવાર સાંજથી પોલીસના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દિલ્હીની તે તમામ સરહદો પર જઈને દરેક પ્રકારના ચૂસ્ત બંદોબસ્તની સમીક્ષા કરતા જોવા મળ્યા હતા. દિલ્હી પોલીસની લોકલ ઈન્ટેલિજન્સ પણ ખેડુતોમાં તોફાની તત્વો ઉપરાંત પંજાબ હરિયાણાના મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટરો અને તેના સંચાલકો પર નજર રાખી રહી છે.

પોલીસની તૈયારીઓને લઈને સોમવારે સોશિયલ મીડિયા પર અનેક પ્રકારના ફોટા અને વિડીયો ચર્ચાના વિષય બન્યા છે. તૈયારીઓ અંગે પણ તીવ્ર પ્રતિક્રિયાઓ છે. જેની દિલ્હી પોલીસે ૨૬ જાન્યુઆરીએ નક્કી કરાયેલા માર્ગ કરારને તોડીને લાલ કિલ્લા પર હિંસા દ્વારા ૪૦૦ પોલીસને ઈજા પહોંચાડી હોવાનું જણાવી પ્રતિક્રિયા આપી છે. જેને ધ્યાનમાં રાખીને પોલીસ ૬ ફેબ્રુઆરીના રોજ રાઉન્ડ ફેરી જામ અને આગામી સમય માટે સુરક્ષા વ્યવસ્થા ગોઠવી રહી છે.

શ્રી કેશુભાઈ પી. પટેલ
મંત્રી :
શ્રી મોટાકોટડા સાર્વજનિક ટ્રસ્ટ
મહામંત્રી :
આંજણા ચૌધરી સમાજ સાબરકાંઠા-અરવલ્લી
પૂર્વ અધ્યક્ષ :
ઈડર તાલુકા પંચાયત
મોટાકોટડા, તા. ઈડર, જિ. અરવલ્લી

માણસનું મૂલ્ય તેના વિચારોથી અંકાય છે.
પેઈન્ટર દેવચંદ પી. પરમાર
પૂર્વ પ્રમુખ : લાયન્સ કલબ-બાયડ
પૂર્વ સેક્રેટરી : લાયન્સ કલબ-બાયડ
પંકજ ડી. પરમાર
પૂર્વ લીઓ એરીયા કો. ચેરપર્સન
સચિન ડી. પરમાર
સભ્ય : જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ
ચિરાગ ડી. પરમાર
લીઓ એરીયા કો. ચેરપર્સન
(મલ્ટીપલ ડાયરેક્ટર-એન્વાયરમેન્ટ)
પૂર્વ પ્રમુખ : લીઓ કલબ-બાયડ
શ્લોક પી. પરમાર
સપન હોસ્પિટલ સામે, બાયડ, જિ. અરવલ્લી

M. S. AGRO
Fertilizer, Water Soluble, Seeds, Pesticide, Oil cake
X/2, Old Market Yard, Modasa, Dist. Arvalli
(M) 9016403528
saddam.suthar20@gmail.com

કેશાભાઈ એ. રાઠોડ
: પ્રમુખ :
જિલ્લા અનુ. જાતિ કોંગ્રેસ સેલ
બાયડ, જિ. અરવલ્લી
સ્વ. ડાહીબેન કે. રાઠોડ
: પૂર્વ પ્રમુખ :
નગરપાલિકા-બાયડ

ઝંડા ઊંચા રહે હમારા, વિજયી વિશ્વ ત્રિરંગા પ્યારા...
શ્રી અદેસિંહ એમ. ચૌહાણ
એડવોકેટ (નોટરી)
: પૂર્વ ચેરમેન :
બાંધકામ સમિતિ, જિલ્લા પંચાયત અરવલ્લી
બાયડ, જિ. અરવલ્લી

સંકલ્પથી સિદ્ધિ
જનહિત લક્ષી નિર્ણાયક્તા અને પરિણામ લક્ષી પારદર્શિતા બની ગુજરાત ભાજપ સરકારની ઓળખ.
● રૂા.૧૪૦૦ કરોડનું આત્મનિર્ભર ગુજરાત પેકેજ.
● મુખ્ય મંત્રી કિસાન સહાય યોજના.
● આઈ-ઓરા ઉપર ૧૯ જેટલી મહેસૂલી સેવાઓ નાગરિકોની આંગળીના ટેરવે.
● ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના હીતને પ્રાધાન્ય આપીને સૂચિત સોસાયટી અને યુ.એલ.સી.ની ફાજલ જમીન માટે માલિકીના હક્કો.
● પાણીદાર ગુજરાત ઉત્તર ગુજરાત માટે સુજલામ સુફલામ.
● વરસાદી પાણીના સંગ્રહ માટે સુજલામ સુફલામ જળ અભિયાન.
● જિલ્લાની નવી મેડીકલ કોલેજ.
● ખેડૂતોને ૦ ટકા વ્યાજથી ધિરાણ રૂા.૫૦૦ કરોડનું રીવોલ્વિંગ ફંડ.
● માં અમૃતમ, માં વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારી રૂા.૪ લાખ કરાયો.

તકેદારી એ જ સાચી સમજદારી...
બાયડના નગરજનો, સર્વ ડોક્ટરબંધુઓ, સ્નેહીજનોને હાર્દિક શુભકામના.
શ્રીજી હાર્ટ એન્ડ મેડીકલ હોસ્પિટલ
ડૉ. પ્રકાશભાઈ જી. શાહ (M.D., ફીજીશીયન)
બેલાબેન પ્રકાશભાઈ શાહ
ડૉ. અર્થ પી. શાહ (M.D., ફીજીશીયન)
હૃદય, ફેફસાં, ડાયાબીટીશ, લકવા, કીડની, લીવર અને પેટ રોગોના નિષ્ણાત
સંજીવની આઈ.સી.યુ. એન્ડ મેડીકલ હોસ્પિટલ
ડૉ. કૃતિક પી. શાહ (M.D., ફીજીશીયન)
ડૉ. ઈશા કૃતિક શાહ (B.D.S.)
પ્રાકૃત કૃતિક શાહ
સંજીવની કોમ્પલેક્ષ, વાત્રક રોડ, બાયડ, જિ. અરવલ્લી
ફોન નં.૦૨૭૭૯-૨૨૦૪૪૧, ફોટો-૦૧૬૫-૦૧૬૬-૦૧૬૭